રાજ્યસભા મતદાનની સાથે સાથે...

- રાજયસભાની ચૂંટણીને લઇ વહેલી સવારથી જ ભારે ઉત્તેજના અને હાઈવોલ્ટેજ થ્રીલર-સસ્પેન્સ છવાયા
- સ્વર્ણિમ સંકુલ-૨ રાજયસભાની ચૂંટણીને લઇ જાણે સુરક્ષા છાવણીમાં ફેરવાયું
- સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે અને સમગ્ર સંકુલની ફરતે ૧૫૦૦થી વધુ સશસ્ત્ર સુરક્ષા જવાનો ખડકાયા
- સ્વર્ણિમ સંકુલ-૨ના સાપુતારા હોલમાં રાજયસભાની ત્રણ બેઠકો માટે મતદાન યોજાયું
- બરોબર ૯-૦૦ના ટકોરે રાજયસભાની ચૂંટણીનું મતદાન શરૂ થયુ
- વિધાનસભાના ભાજપના દંડક પંકજ દેસાઇ સૌથી પહેલા મતદાન મથકે પહોંચ્યા
- ત્યારબાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદીપસિંહ જાડેજા વગેરે પહોંચ્યા
- ભાજપના દંડક પંકજ દેસાઇએ સૌથી પહેલું મતદાન કર્યુ
- વહેલી સવારે કોંગ્રેસના ધારાસભ્યો આણંદ નિજાનંદ રિસોર્ટથી સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે આવવા લક્ઝરી બસમાં નીકળ્યા
- કોંગ્રેસના ધારાસભ્યોની સુરક્ષા માટે આણંદથી ગાંધીનગર સુધીના સમગ્ર રૂટમાં લોખંડી બંદોબસ્ત તૈનાત કરાયો હતો
- આ સિવાય કોંગ્રેસના ધારાસભ્યોની સુરક્ષા અને વોચ માટે યુથ કોંગ્રેસના નેતા-કાર્યકરોની સેંકડો ગાડીઓનો કાફલો સમગ્ર રૂટ પર હતો
- બરોબર ૮-૧૯ મિનિટે કોંગ્રેસના ધારાસભ્યોનો કાફલો અમદાવાદની હદમાં પહોંચ્યો હતો
- અમદાવાદથી એસ.પી.રિંગરોડ થઇ કોંગ્રેસના ધારાસભ્યો ગાંધીનગર તરફ વળ્યા હતા
- શંકરસિંહ વાઘેલા ૯-૦૩ મિનિટે મતદાન માટે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે પહોંચ્યા
- ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સવારે ૯-૨૦ મિનિટે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે પહોંચ્યા
- ૯-૨૫ મિનિટે કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઇરાની પણ આવી પહોંચ્યા
- ૯-૨૮ મિનિટે કોંગ્રેસના એહમદ પટેલની સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે એન્ટ્રી થઇ
- ૯-૫૮ મિનિટે કોંગ્રેસના ધારાસભ્યો કોબા સર્કલ પહોંચ્યા હતા
- બરોબર ૧૦-૧૦ મિનિટે કોંગ્રસના ધારાસભ્યો ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે પહોંચ્યા હતા
- કોંગ્રેસના તમામ ધારાસભ્યોને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત હાથ મિલાવી શુભેચ્છા પાઠવતા હતા

- વાઘેલા જૂથના સાત ધારાસભ્યોએ ભાજપ તરફી મતદાન કર્યુ
- એનસીપીના કાંધલ જાડેજાએ ભાજપને મત આપ્યો
- કોંગ્રેસના ૪૪ ધારાસભ્યો પૈકી કરમશીભાઇ પટેલે પણ કોંગ્રેસથી વિરૂધ્ધ ક્રોસ વોટીંગ કર્યુ
- રાજયસભાની ચૂંટણીના વોટીંગ દરમ્યાન દિવસભર ક્રોસ વોટીંગના મુદ્દો છવાયેલો રહ્યો
- રાઘવજી પટેલ અને ભોળાભાઇ ગોહિલે બંને પક્ષના અધિકૃત એજન્ટોને તેમનો મત બતાવ્યો હોવાથી વિવાદ સર્જાયો હતો
- કોંગ્રેસે આ બંને બળવાખોર ધારાસભ્યોના મત રદ કરવા માંગણી કરી હતી તો, ભાજપે મત માન્ય રાખવા જીદ પકડી હતી
- કોંગ્રેસના આક્ષેપ સંદર્ભે રાજયસભા ચૂંટણી નીરીક્ષક બી.બી.સ્વૈને મતદાનનું વીડિયો રેકોર્ડીંગ જોયું હતુ
- ચૂંટણી નીરીક્ષકે બાદમાં આ સમગ્ર મામલામાં ચૂંટણી પંચનું માર્ગદર્શન માંગ્યું હતું
- કોંગ્રેસની ફરિયાદ અને તેની તપાસને લઇ રાજયસભાની ચૂંટણીની મતગણતરી થોડી વિલંબિત થઇ હતી
- કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાનના સીસીટીવી ફુટેજ અને વીડિયોગ્રાફીની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી
- સાંજે એનસીપી અને જેડીયુના મતોની લઇ ભારે વિવાદ અને અલગ-અલગ દાવાઓ થયા હતા
- કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોના વિવાદીત મત અને સ્થિતિને લઇ કોંગ્રેસે દિલ્હીમાં વર્કીંગ કમીટીની અરજન્ટ બેઠક બોલાવી હતી
- બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા
- એનસીપી અને જેડીયુના મતોની સસ્પેન્સને લઇ ભાજપ અને કોંગ્રેસના બંને નેતાઓના હૃદયના ધબકારા વધતા જોવા મળ્યા હતા
- રાજયસભાની ચૂંટણીને લઇ ભાજપ અને કોંગ્રેસના નેતાઓ દ્વારા પોતપોતાના ઉમેદવારોના જીતના દાવાઓ કરાયા હતા
- ટીવી ચેનલો અને મીડિયામાં પણ સમગ્ર દિવસ દરમ્યાન ગુજરાતની રાજયસભાની ચૂંટણી જ છવાયેલી રહી હતી
- ગુજરાતની રાજયસભાની ચૂંટણી આજે દેશના રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બની રહી હતી

મતોના જટિલ વિવાદને લઇને કલાકોથી વધુ ગણતરી અટકી

ગાંધીનગર, તા. ૮

કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઇ ગોહિલે કોંગ્રેસના અધિકૃત એજન્ટો ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની અને બળવંતસિંહ રાજપૂતને તેમના મતો બતાવવાના કારણે સર્જાયેલો વિવાદ એટલી હદે ચગ્યો હતો કે, તેના પ્રત્યાઘાતો ગુજરાતથી લઇ દિલ્હીના રાજકારણ સુધી પડયા હતા. મતોના આ વિવાદને લઇ રાજયસભાની ત્રણ બેઠકોની ચૂંટણીની મતગણતરી ચાર કલાકથી વધુ સમય સુધી અટકેલી રહી હતી અને ગુજરાતથી દિલ્હી સુધી ચોતરફ બસ આ વિવાદને લઇ ચર્ચા અને રાજકારણ ગરમાયા હતા. ભાજપ અને કોંગ્રેસના સ્થાનિકથી લઇ દિલ્હી મોવડીમંડળના રાષ્ટ્રીય નેતાઓ આ પ્રતિષ્ઠાભર્યા જંગમાં મેદાનમાં આવી ગયા હતા. મોડી રાત સુધી ટોચના કેન્દ્રીય નેતાઓ પણ મામલામાં ઉતર્યા હતા અને એકબીજા ઉપર આક્ષેપબાજી કરતા દેખાયા હતા.

કમલમ્ સુમસામ : ભાજપ કાર્યલય કમલમ્ ઉપર સાંજે ૫ કલાકે ઢોલ-નગારા સાથે કાર્યકરો જાણે વિજયોત્સવ ઉજવતા હોય એવો માહોલ સર્જાયો હતો. બે કલાકના ધમધમાટ પછી પણ ચૂંટણીનું પરિણામ ન આવતા રાત્રે ૮ કલાકે સૌ પોતપોતાના ઘરે જવા નીકળી ગયા હતા. ગાજતું ગૂજતું કમલમ્ સુમસામ થઇ ગયું હતું.

બનાસકાંઠામાં પૂર હોનારતને પગલે લાખણી પંથકમાં દાડમના પાકનો સફાયો

બનાસકાંઠા, તા. ૮

બે વર્ષ બાદ આવેલ વિનાશક પૂર એ બનાસકાંઠાના ખેડૂતોને બરબાદ કરી દીધા છે. માંડ માંડ બે વર્ષ પછી ખેતીમાં ખેડૂતને જીવનદાન મળ્યું હતું જ્યાં આફતના પૂરે વિનાશ વેરી દીધો. વરસાદના પૂરે ખેડૂતોની મહેનતના ફળને ખરા સમયે કુદરતે ખેડૂતોનું કોળીયો છીનવી લીધો છે.

બનાસકાંઠા જિલ્લાનાના લાખણી તાલુકાની દાડમે દેશભરમાં નામના મેળવી છે જેના લીધે લાખણી પંથકનાના ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા હતા માત્ર દાડમ જ નહી લીંબુની ખેતી કરતા થયા હતા. જો કે ખેડૂત આર્થિક રીતે સધ્ધર થાય તે પહેલાં કુદરત આ પૂર ઉભા પાક પર વિનાશ વેરી દીધો. વર્ષ ૨૦૧૫ના પૂરમાં અહીંના ખેડૂતો માંડ માંડ ખેતીના નુકશાનમાંથી બહાર આવવાનો સમય આવે તે પહેલાં રજેસ્થાનના પૂરે બે વર્ષની ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળતા જગતનો તાત કુદરત સામે લાચાર થઇ ને બેઠો છે. લાખણી તાલુકાના ભીમાજી ગોળીયા ગામના ખેડૂતોને આફતના પૂર દાડમની ખેતીને સાફ કરી દીધી છે. બે વર્ષ સુધી દાડમના છોડની માવજત કરી તેનો કાળજીપૂર્વક વ્યાજે નાણાં લાવીને અહીંના ખેડૂતો દાડમના છોડને ફળ સુધી ઉછેર કર્યો હતો. જો કે વિનાશક પૂરે ૧૦૦થી વધારે ખેડૂતોના મોઢામાં આવેલું કોળીયો કુદરતે છીનવી લીધી લીલાછમ દેખાતા ખેતરો આજે દૂર દૂર સુધી નદીના પટ બની ગયા છે. ત્યારે દાડમની ખેતી કરતા અસરગ્રસ્ત ખેડૂત ગમનભાઇ પટેલે જણાવ્યું હતુ કે લાખણી ભેમાજી ગોળીયાના ૧૦૦ વધુ ખેડૂતોએ લાખો રૂપિયાનું ખર્ચ કરીને દાડમની ખેતી કરી હતી આશા હતી કે બે વર્ષની પૂર્વેની તબાહી બાદ દાડમની ખેતી પર આર્થિક વળતર મળશે. જો કે ખેડૂતની આશા પર આફતના પૂરે અહીંના ખેડૂતોને બરબાદી તરફ ધકેલી દીધા છે. રાજેસ્થાન માં આવેલ ભારે વરસાદના પૂરના લીધે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને ભોગવાનો વારો આવ્યો છે. ત્યારે દાડમની ખેતી અને જમીનના ધોવાણમાં ખેડૂતોને થયેલ નુકશાસના સામે સરકારી સહાય એ માત્ર આશ્વાસન પુરવાર થઇ છે. ખેડૂતોની માગણી છે કે સરકાર ખેડૂતોને ખેતી માટે વગર વ્યાજે લૉન આપે તો જ ખેડૂત હવે ખેતી કરી શકશે.

કોણે શું કહ્યું ?

બાગી રાઘવજી પટેલે શું કહ્યુ?



જામનગર ગ્રામ્ય-૧ના કોંગ્રેસના બળવાખોર ધારાસભ્ય રાઘવજી પટેલે પણ તેમનો મત ભાજપને આપ્યો હતો. રાઘવજી પટેલે વોટીંગ કર્યા બાદ જણાવ્યું કે, છેલ્લા એક વર્ષથી કોંગ્રેસપક્ષના હાઇકમાન્ડને અમે રજૂઆત કરતા હતા પરંતુ અમારી રજૂઆત સાંભળવામાં આવી નથી અને અમને અવગણવામાં આવ્યા છે, તેથી મેં નક્કી કર્યું હતું કે, હવે મારે કોંગ્રેસમાં રહેવું નથી. મારે રાજકારણમાં રહેવું હોય તો ભાજપમાં રહેવું પડશે. ગુજરાતના વિકાસ માટે અને દેશના વિકાસ માટે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં દેશ વધુ મજબૂત બને અને વધુ વિકાસ થાય તે માટે મેં ભાજપને મત આપ્યો છે.

ધર્મેન્દ્રસિંહ જાડેજાએ શું કહ્યું?

કોંગ્રેસના અન્ય બળવાખોર ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ જાડેજાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાયેલા અને રાજયસભાની ચૂંટણીમાં કોંગ્રેસના એહમદ પટેલની સામે ભાજપ દ્વારા ઉભા રખાયેલા બળવંતસિંહ રાજપૂતને મત આપ્યો હતો. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું કે, કોંગ્રેસપક્ષને અમે વારંવાર રજૂઆત કરી છતાં કોઇ અમને સાંભળતું ન હતું અને તેથી આખરે કોંગ્રેસ છોડવાનો નિર્ણય કર્યો છે. આજે મેં મારો મત બળવંતસિંહ રાજપૂતને આપ્યો છે.

કાંધલ જાડેજાએ પણ ભાજપને મત આપ્યો

એનસીપીના ધારાસભ્યએ કાંધલ જાડેજાએ આજે ભાજપને મત આપી એક અલગ જ સંદેશ મતદાન સ્થળે વહેતો કર્યો હતો. વોટીંગ કર્યા બાદ એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજા કે જે કુતિયાણા બેઠક પરથી ચૂંટાયા છે તેમણે જણાવ્યું કે, તેમણે તેમનો મત ભાજપને આપ્યો છે. ભાજપની તરફેણમાં મતદાન કરનાર કાંધલ જાડેજાને બાપુ શંકરસિંહ વાઘેલાએ આવતીકાલે તેમના વસંતવગડો ખાતેના બંગલે જે જમણવાર ગોઠવ્યો છે, તેમાં કાંધલને પણ બોલાવ્યો હતો. જેથી કાંધલ જાડેજા ભાજપમાં જોડાવાના સમીકરણો ગોઠવાતા હોવાની ચર્ચાએ જોર પકડયુ હતું.

કોંગ્રેસના ૪૪માંથી ફુટેલા ધારાસભ્ય કરમશીભાઇએ શું કહ્યું?

કોંગ્રેસના ૪૪ ધારાસભ્યોમાંથી છેલ્લી ઘડીયે ફુટી ગયેલા સાણંદના ભાજપના ધારાસભ્ય કરમશીભાઇ પટેલે વોટીંગ પછી જણાવ્યું કે, છેલ્લા સાડા ચાર વર્ષથી મારા વિસ્તારના અને સમાજના કામો થતા ન હતા અને આ માટે કોંગ્રેસ પક્ષમાં હું રજૂઆત કરતો આવ્યો હતો છતાં કોઇ નિરાકરણ નહી આવતાં આખરે મેં જનતા અને સમાજના હિતને ધ્યાનમાં લઇ ક્રોસ વોટીંગ કર્યું છે. કોંગ્રેસ વિરૂધ્ધમાં ક્રોસ વોટીંગ કરનાર અને ભાજપ તરફી મત આપનાર કરમશીભાઇ પટેલને વોટીંગ બાદ ખાસ સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી. તેઓ પોલીસ પ્રોટેકશન વચ્ચે પોતાના ઘેર ગયા હતા. તેમના નિવાસસ્થાને પણ પોલીસ સુરક્ષા તૈનાત કરી હતી.

રાઘવજીએ કહ્યુ મેં નિયમ મુજબ મતદાન કર્યું છે

કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઇ ગોહિલના મતોના સર્જાયેલા વિવાદ બાદ કોંગ્રેસે તેમના મતો રદ કરવાની કરેલી માંગણી બાદ રાઘવજી પટેલે સ્પષ્ટ કર્યુ હતું કે, તેમણે તેમના મત કોંગ્રેસના અધિકૃત એજન્ટને બતાવી મતપેટીમાં નાંખ્યા હતા. તેમણે નિયમ મુજબ, મતદાન કર્યું છે. કોંગ્રેસ હારવાની છે, એટલે ખોટા આક્ષેપો કરી રહી છે.

પાલનપુરમાં સગીરા પર દુષ્કર્મ આચરાયું હોવાની રાવ

પાલનપુરમાં એક ૧૭ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરાયું હોવાની રાવ ઉઠી છે. ત્યારે પીડિત સગીરાને મેડિકલ તપાસ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં લાવવામાં આવી હતી. પાલનપુરના કોટનાં અંદરના વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષીય યુવક પર દુષ્કર્મ આચરાયું હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી છે.

કોકડું ગુંચવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમિત શાહ અને સ્મૃતિ ઈરાની વિજય થશે. પરંતુ બલવંતસિંહ રાજપૂત બે મતે હારી જાય તેવી શક્યતા રહેલી છે.

રાજ્યસભાની ચૂંટણીમાં આંકડાકીય ગણિત મુજબ વિધાનસભામાં કુલ ૧૭૬ ધારાસભ્યો છે. તેમાં ભાજપના ૧૨૧ મત છે. એક ધારાસભ્યના મતનું મૂલ્ય ૧૦૦ ગણાય છે. એ જોતા જે ઉમેદવારોને ૪૪ એકડા મળે તે વિજેતા બને. ભાજપના ગણિત મુજબ અમિત શાહને ૪૬ એકડા, સ્મૃતિ ઈરાનીને ૪૫ એકડા મળે જેમાંથી બાકી રહેલા ૩૦ એકડા બલવંતસિંહ રાજપૂતને મળે. ભાજપના દાવા મુજબ એનસીપીના ૨, જીપીપીનો એક, જેડીયુનો એક અને શંકરસિંહ સાથેના ૭ની ગણતરી કરતાં ૩૦ વત્તા ૧૨ એટલે કે ૪૨ એકડા બલવંતસિંહને મળે છે. અમિત શાહને મળનાર ૪૬૦૦ મતમાંથી જીત માટેના ૪૪૦૧ મત બાદ કરતાં ૧૯૯ મત વધે. તે જ રીતે સ્મૃતિ ઈરાનીના ૪૫૦૦ મતમાંથી ૪૪૦૧ બાદ કરવામાં આવે તો ૯૯ મત વધે. આમ અમિત શાહના ૧૯૯ અને સ્મૃતિ ઈરાનીના ૯૯ મત ગણતાં કુલ ૨૯૮ મત વધે. તે મત બલવંતસિંહને મળતાં ૪૨૦૦માં ૨૯૮ મત ઉમેરવામાં આવે તો ૪૪૯૮ મત બલવંતસિંહને મળે તેમાંથી જીત માટેના ૪૪૦૧ મત બાદ કરવામાં આવે તો ભાજપને ૯૭ મત વધારાના મળે. ભાજપના ત્રણેય ઉમેદવારો વિજેતા બને. રાજ્યસભાના મતદાન દરમિયાન એનસીપીના એક ધારાસભ્ય અને જેડીયુના એક ધારાસભ્યએ કોંગ્રેસને મત આપ્યો હોવાથી બલવંતસિંહને ૪૧ મત મળે તે જોતા બલવંતસિંહને મળનાર ૪૧૦૦ મતમાં અમિતશાહ અને સ્મૃતિ ઈરાનીના ૨૯૮ મત ઉમેરવામાં આવે તો પણ બલવંતસિંહને ૪૩૯૮ મત મળે. એટલે કે બલવંતસિંહ બે મતે હારી જાય.

મત નહી બગડે તે માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાઘેલાએ ભારપૂર્વક જણાવ્યું કે, હાલના સંજોગો જોતાં કોંગ્રેસ જીતવાની જ નથી અને તેથી તેમનો મત બગાડીને કોઇ મતલબ ન હતો અને તેથી તેમણે કોંગ્રેસને એટલે કે, એહમદભાઇ પટેલને મત નથી આપ્યો. મારા સિવાય કોંગ્રેસના જે ૪૪ ધારાસભ્યો છે, તેમાંથી પણ કેટલાક મતો તૂટવાના છે તે નક્કી છે. એહમદભાઇ હારશે તે નક્કી છે. એહમદભાઇને હરાવવાનું આ એક ષડયંત્ર છે. મને લાગે છે કે, કોંગ્રેસપક્ષે એહમદભાઇની રેપ્યુટેશન સાથે આવી મજાક કરવા જેવી ન હતી.

વજન વધારશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાવામાં સફળતા મળી હતી. પાર્ટી સૂત્રોનું કહેવું છે કે ગૃહમાં શાહની હાજરની અસર બીજા સભ્યો પર પણ પડશે. શાહનું સંસદીય ડેબ્યુ એ સમયે થવા જઇ રહ્યું છે જ્યારે વેંકૈયા નાયડુ ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિની ખુરશી સંભાળશે.

ગુજરાતમાંથી સ્મૃતિ ઇરાની અને બળવંતસિંહ રાજપૂત પણ ભાજપાની તરફથી રાજ્યસભા ચૂંટણીની દોડમાં સામેલ છે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા એહમદ પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. ગુજરાતના એહમદ પટેલને ચૂંટણી સંકટમાં ફસાઇ ગયા છે. વાઘેલા જૂથે કૉંગ્રેસનો વિરોધ કરી દીધો છે.

વોલ્વો બસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ બસ અમદાવાદ એસ ટી ડેપોના બદલે વાયા સરખેજ રૂટ પર દોડાવાશે.

ગાંધીનગર પાટનગર હોવાના નાતે અહીં સ્થિત વિવિધ સરકારી કચેરીઓમાં આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. જેના પરિણામે રાજયના વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓને સમયસર અને નિયમિત બસ સેવા ઉપલબ્ધ થાય તેવી રજુઆત પણ વારંવાર કરવામાં આવે છે. અગાઉ આ અન્વયે સોમનાથ રૂટની બસ પણ શરૂ કરવામાં આવી હતી. જયારે નાથદ્વારા રૂટની બસ પણ શરૂ કરાઇ હતી. જો કે નાથદ્વારા રૂટની બસ માટે યોગ્ય ટ્રાફિક ન મળતા આ બસ બંધ પણ કરી દેવામાં આવી છે. જયારે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી પણ ગાંધીનગરમાં આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ છે. આડા દિવસો ઉપરાંત તહેવારોમાં પણ બસમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. ત્યારે હવે રાજકોટ રૂટ માટે વિશેષ બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગરથી રાજકોટ જતા અને આવતા મુસાફરોને હવે વોલ્વો બસ સેવાનો લાભ મળશે. ગાંધીનગર ડેપોથી રાજકોટ રૂટ માટે ખાસ વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવશે. તા ૯ ઓગષ્ટે સવારે ૬ : ૩૦ કલાકે જ વોલ્વો બસ સેવાની શરૂઆત કરી દેવાશે. ગાંધીનગર ડેપોમાંથી સવારે ૬ : ૩૦ કલાકે બપોરે ૧ : ૩૦ અને સાંજે ૬:૩૦ કલાકે એમ દિવસની ત્રણ વોલ્વો બસ રાજકોટના રૂટ પર દોડશે. જયારે રાજકોટથી પણ આ જ સમયે ગાંધીનગર આવવા માટે વોલ્વો બસ ઉપલબ્ધ થશે. ગાંધીનગર રાજકોટ વચ્ચે શરૂ થનારી આ બસસેવાના લીધે નગરજનોને પણ રાહત થશે. આ ઉપરાંત રાજકોટથી ગાંધીનગર આવતા મુલાકાતીઓને પણ સરળ અને ઝડપી બસ સેવા મળી રહેશે. ટુ બાય ટુ એલ સી ડી સ્ક્રીન ધરાવતી આ વોલ્વો બસ વાયા સરખેજ લીંબડી અને ચોટીલા થઇ દોડશે. જયારે ભાડાનો દર પણ રૂ ૪૪૮ નિયત કરવામાં આવ્યો છે.

૩૦૦ મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાવતા આવાસો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ સે -૭માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે સે-૨૮ અને સે-૨૯ માં પણ નવા મકાનો ટુંકમાં તૈયાર થઇ જશે. બીજીતરફ સેકટરોમાં જોખમી મકાનો અંગે તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેના અંતે ડિઝાઇન સર્કલ કચેરી દ્વારા આ મકાનો જોખમી હોવાનો રીપોર્ટ સુપ્રત કરી દેવાયો છે ત્યારે આ મકાનોનો નિકાલ કરવા માટે પણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરી દેવાઇ છે. સુત્રોના જણાવ્યા મુજબ શહેરના જુદા જુદા સેકટરોમાંથી જ અને છ કક્ષા ઉપરાંત ચ કક્ષાના ૩૦૦ જેટલા મકાનો ભયજનક અલબત્ત રહેણાંકને લાયક ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેને ધ્યાને લઇ તંત્ર દ્વારા આ મકાનો ખાલી કરવા માટે પણ રહીશોને જણાંવી દેવાયુ છે. જેમાં સે-૨૨ ,સે-૧૬ અને સે-૬ માં મકાનો તોડી નાંખવા માટે મંજુરી પણ આપી દેવામાં આવી છે. આગામી સમયમાં અન્ય મકાનો પણ તોડી નાંખવાની મંજુરી આપી દેવાઇ છે.

હેલ્લો ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

એ જવા નીકળીને યાદ આવ્યું, કે પપ્પાએ બોલાવ્યા હતાં, એણે એની ફ્રન્ટી રાણીપ વાળી લીધી. બપોરના બે વાગ્યા હતા, પપ્પા રાહ જોઇને બેઠાં હતા. 'આવી ગ્યો દીકરા?' એ મૈત્રીને દીકરાં જ કહેતાં. મૈત્રી પાસે સમય કયાં હતો ? પપ્પાને થોડું વ્હાલ કરી એણે ભીંડાના શાકની સુગંધને નાકમાં ભરી લીધી. ફટાફટ ટીફીન પૅક કર્યું, 'પપ્પા, શાંતિથી ખાઇશ, અત્યારે ટાઇમ નથી...' કહીનેએ ભાગી.

ડી.માર્ટની રવિવારની ભીડમાં ટ્રોલી ખેંચી એણે લીસ્ટ પ્રમાણે સામાન ભરવો શરુ કર્યો. ત્યાં એની પીઠ પર જોરથી ધબ્બો પડ્યો, 'કોણ આનંદભાઇ?' સાથે એની બે બહેનપણી શિવાની અને પ્રાચીન પણ હતા. ઘરે ફોન કર્યો તો ખબર પડી કે તું ડી - માર્ટ, એટલે આવી ગયા. બધાં એકબીજાને ભેટીને હેપ્પી ફ્રેન્ડશીપ ડે કર્યો. મૈત્રીમાં એક નવો જોમ ઉમેરાયો, કામનો થાક ઉતર્યો, એ રિચાર્જ થઇ હતી. એ ફ્રેન્ડસે આપેલી ફાઇવ સ્ટાર ખાતી ઘર તરફ નીકળી પડી.

ઘરે પહોંચી ત્યાં બીજી બે નણંદ એમના પરિવાર સાથે હાજર જ હતી. ફરી એ જ સેવા-કામનું ચક્કર ચાલું થયું. બધા મજાક-મસ્તી વાતો કરતાં હતા અને આ એમના માટે રસોઇ... સવાર થઇ, પણ આજે ચાર વાગ્યે જ, અડધી રસોઇ કરી આઠ વાગે તો ડ્યુટી પર હાજર થવાનું હતું. રક્ષાબંધન છતાં ઇમર્જન્સી ડ્યુટી અડધા દિવસની હતી. એનું શરીર સિવિલમાં પણ મનમાં ઘરના કામકાજ અને તહેવારમાં હતું... બપોરે નણંદ સાથે જમવાનું પત્યું, બધા આરામ ફરમાવવા થોડાં લાંબા થયા, હવે મૈત્રીને ભૂખ લાગી હતી. એણે ફ્રીજ ખોલ્યું અને ટીફીન લઇ ગરમ કર્યા વગર જ ખાવા બેઠી. ભરેલાં ભીંડાનું શાક અને રોટલી... પપ્પા બાજુમાં બેઠાંના અનુભવ સાથે, એ કામના ભારણ વચ્ચે પણ આ ટિફિનમાંથી પિયરમાં પહોંચ્યાનો આનંદ માણતી હતી... કાલથી ફરી રાઉન્ડ ધ કલૉક કામનું વિચારતાં એણે આંગળીઓ ચાટીને ખાઇ લીધી...

ચૂંટલો :

સ્ત્રીઓની અને એમાંય ગૃહિણીની વાત સમજવી જરા મુશ્કેલ છે, તેઓને અગવડની પણ આદત થઇ જાય છે. ટાઇમ મેનેજમેન્ટ સાથે બધાંને સતત રાજી રાખવા અને મોજ કરાવવાનું કામ એ એની લાઇફ ટાઇમની પ્રાયોરિટી છે, પોતાના મોજશોખના ભોગે પરિવારને સ્માઇલી ફેસ રાખતી આ ગૃહિણી શક્તિ રૂપેણ સંસ્થિતા છે.

મંદિરનું નિર્માણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્માણ થઇ જશે તો આ લાંબા વિવાદ અને રોજ રોજની અશાંતિથી મુક્તિ મળી જશે. બીજી બાજુ અયોધ્યા વિવાદ મામલામાં અલ્હાબાદ હાઇકોર્ટના ચુકાદાને પડકાર ફેંકનાર અરજીઓ પર સુનાવણી માટે જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચની રચના કરવામાં આવી છે. આ બેંચ ૧૧મી ઓગસ્ટના દિવસે આ અરજી પર સુનાવણી કરશે. આ ત્રણ સભ્યોની ખંડપીઠમાં અન્ય બે સભ્યોમાં જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ અબ્દુલ નઝીર સામેલ છે. આ ખંડપીઠ અયોધ્યામાં રામ મંદિર બાબરી મસ્જિદ ભૂમિના માલિકી હકને લઇને ચાલી રહેલા વિવાદમાં નિર્ણય કરશે. અલ્હાબાદ હાઇકોર્ટની લખનૌ બેંચે ૨૦૧૦માં પોતાની વ્યવસ્થામાં આ ભૂમિને સુન્ની વકફ બોર્ડ, નિર્મોહી અખાતા, રામલલ્લા વચ્ચે ત્રણ હિસ્સામાં બરોબર વહેંચી દેવાનો આદેશ કર્યો હતો. થોડાક દિવસ પહેલા જ એક ઘટનાક્રમમાં ઉત્તર પ્રદેશ શિયા સેન્ટ્રલ વકફ બોર્ડે રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ વિવાદ સાથે જોડાયેલા મામલામાં પક્ષ બનવાનો ફેંસલો કર્યો હતો.

જવાબની માંગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારને નોટિસ ફટકારી અને ચાર સપ્તાહની અંદર જવાબ આપવા માટેનો આદેશ કર્યો છે. આ વર્ષે ૧૧મી એપ્રિલના દિવસે દિલ્હી હાઇકોર્ટે કલમ ૩૭૦ની કાયદેસરતાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતુ કે, આમા કોઇપણ બાબત ટકી શકે તેવી નથી. કારણ કે સુપ્રીમ કોર્ટે પહેલાથી જ આ મુદ્દે અરજીને ફગાવી દીધી છે.

આખરે ચૂંટણીપંચમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયમો-જોગવાઇ મુજબ, આ બંને ધારાસભ્યોના મતો રદ થવાને પાત્ર ઠરે છે. કોંગ્રેસે આ બંને ધારાસભ્યોના મતો રદ કરવા માંગણી કરી હતી. બીજીબાજુ, ભાજપ પણ તરત જ ચિત્રમાં આવી ગયુ હતું અને જણાવ્યું હતુ કે, કોંગ્રેસે ખોટો હોબાળો મચાવ્યો છે. બંને ધારાસભ્યોના મત કાયદેસર છે. મોડી સાંજે ભાજપે પણ કોંગ્રેસના બે ધારાસભ્યો શૈલેષ પરમાર અને મીતેષ ગરાસીયાના મતો સામે પણ વાંધો ઉઠાવી તેને રદ કરવા ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. આમ, બંને પક્ષો તરફથી સામસામે ફરિયાદ નોંધાવાતા મોડી રાત સુધી સમગ્ર મામલો ગૂંચવાયો હતો.

શકિતસિંહ ગોહિલે ભાજપની તોડફોડની નીતિ, ધાકધમકી, પૈસા અને સત્તાના જોરે મતોનું રાજકારણ કર્યા બાદ હવે રાજયસભાની ચૂંટણીની મતગણતરીમાં પણ પ્રિસાઇડીંગ ઓફિસર દબાણ ઉભુ કરી રહ્યું છે. બંને પક્ષના આગેવાનોની હાજરીમાં ચૂંટણી નીરીક્ષકને વીડિયો નહી જોવા ભાજપ દબાણ કરી રહ્યું છે. ભાજપના લોકશાહીનું ખૂન કરતા આવા પ્રયાસોને ગુજરાતની જનતા જોઇ રહી છે. અમે આ સમગ્ર મામલે જો ન્યાય નહી મળે તો સુપ્રીમકોર્ટ સુધી લડત આપીશું. બીજીબાજુ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણીએ કોંગ્રેસના આરોપ સામે પ્રતિક્રિયા આપી હતી કે, કોંગ્રેસ ખોટી રીતે હોબાળો મચાવી રહી છે.

મતપેટીમાં મત નાંખતા પહેલાં હજુ તો બંને ધારાસભ્યો પોતાના મત બતાવી રહ્યા હતા એ જ વખતે કોંગ્રેસે ખોટેખોટો શોર મચાવ્યો કે, જુઓ આ ધારાસભ્યો બધાને મત બતાવી રહ્યા છે. વાસ્વમાં મતદાનની પ્રક્રિયા પ્રભાવિત થાય તે માટે કોંગ્રેસે વાંધા લીધા છે. કોંગ્રેસના આ બંને બળવાખોર ધારાસભ્યોના મત આપવાના વિવાદને લઇ ભારે ચકચાર મચી હતી. સ્થાનિક ચૂંટણી અધિકારીથી માંડી કેન્દ્રીય ચૂંટણી પંચ સુધી આ વિવાદને લઇ દોડધામ મચી ગઇ હતી. તો બીજીબાજુ, મતગણતરી સ્થળે દોડી આવેલા ભાજપ-કોંગ્રેસના નેતાઓના હૃદયના ધબકારા પણ વધી ગયા હતા.